નિમપત્ર ક્રમાંક:આરબી/ સુવિ/ટ્રાફીક/૯૦૧૭/૨૦૨૧
અધિક પોલીસ મહાનિદેશકની કચેરી, સુરત વિભાગ,
તારીખ -૦૫ /૦૫/૨૦૨૧

સત્યમેવ જયતે

ડો. એસ.પી. રાજકુમાર, IPS
અધિક પોલીસ મહાનિદેશક

સ્નેહીશ્રી

તા.૦૪/૦૫/૨૦૨૧ નાં રોજના દૈનિક ગુજરાત સમાચારપત્રમાં "કામરેજ ટોલ પ્લાઝા પર રોડ સુરક્ષાના નામે ટ્રકો પાસે રુા.૩૦૦ ની લુંટ " ના શિર્ષક હેઠળ સમાચાર પ્રસિધ્ધ થયેલ છે. જે બાબતે અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સ્પોર્ટ એસોસિયેશન દ્વારા પોલીસ વિરુધ્ધમાં આક્ષેપો કરવામાં આવેલ છે.

અમારા ધ્યાને આવેલ છે કે આપની કચેરીના ક્રમાંકઃ આરબી/ ટ્રાફીક/ ૮૧૮/૨૦૨૧, તા.૧૬/૦૪/૨૦૨૧ થી વાહનોની ચોરી તથા અકસ્માત અટકાવવા વાહનો પર નામ, નંબર કોતરવાનું તથા રીફલેકટર લગાડવાની કામગીરી શ્રી ભરતભાઇ એસ. દિક્ષિત, પ્રમુખ દર્શન ચેરીટીબલ ટ્રષ્ટને તા.૧૮/૦૪/૨૦૨૧ થી તા.૨૦/૦૫/૨૦૨૧ સુધી તેઓ દ્વારા નકકી કરેલ દરે વાહન ચાલકો પાસે નાણાં વસુલ કરવા સંમતિ આપેલ છે. આ રીતે ખાનગી સંસ્થા /વ્યકિત મારફતે નાણાં વસુલ કરવા એ નિયમ વિરુધ્ધ છે અને પોલીસ મેન્યુઅલ/ કાયદામાં આ બાબતે કોઇ જોગવાઇ નથી. પોલીસની મદદથી ખાનગી સંસ્થા / વ્યકિતઓ દ્વારા નાણાં વસુલાત કરી પોલીસ ખાતામાં પણ નાણાં આપવામાં આવતા હોવાની લોકોમાં ચર્ચા થાય છે. જેનાથી પોલીસ ખાતામાં ભ્રષ્ટાચારને વેગ મળે છે અને સમાજમાં પોલીસની છબી ખરાબ થાય છે.જિલ્લામાં જયારે પણ અકસ્માત અને વાહન ચોરી અટકાવવા અંગેની ઝુંબેશ રાખવામાં આવે ત્યારે આર.ટી.ઓ. સાથે સ્વેચ્છિક સંસ્થાની વિના મુલ્યે મદદ લઇ ઉપર મુજબની કાર્યવાહી કરી શકાય છે. આપની કચેરી તરફથી ઇસ્યુ કરેલ ઉપરોકત પત્ર તાત્કાલીક રદ કરશો. તા.૧૮/૦૪/૨૦૨૧ થી આજદિન સુધી વાહન ચાલકો પાસેથી વસુલ કરેલા રસીદ મુજબના નાણાં ટ્રાફીક ટ્રષ્ટમાં જમા કરાવવાની કાર્યવાહી કરી રીપોર્ટ કરશો.

આપનો સ્નેહાધિન
સહી/-
(એસ. પી. રાજકુમાર)

સુ.શ્રી ઉષા રાડા, IPS
પોલીસ અધિક્ષક,સુરત ગ્રામ્ય.

<u>નકલ સવિનય રવાના-</u>
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ</u> અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સ્પોર્ટ એસોસિયેશન, અમદાવાદ.

(એસ.પી.રાજકુમાર)
અધિક પોલીસ મહાનિદેશક

AGTTA
DT.: 15 / 5 /2021
File No.: 20